# શહેરમાં ૨૪ કલાકમાં ૨ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં રવિવારે પણ વરસાદી માહોલ યથાવત રહ્યો હતો અને દિવસ દરમ્યાન વરસાદી વાતાવરણના પગલે જનજીવન ઠંડુ પડી ગયેલુ અનુભવાયું હતું. છેલ્લાં ૨૪ કલાકમાં ગાંધીનગરમાં અંદાજે પડેલા બે ઈંચ જેટલા વરસાદ સાથે શહેરમાં મોસમનો કુલ વરસાદ માંડ ૧૪ ઈંચ સુધી પહોંચવા પામ્યો છે. રવિવારની રજા સાથે સળંગ ત્રીજા દિવસની રજાના માહોલમાં ગાંધીનગરમાં સવારથી આકાશમાં વાદળછાયાં વાતાવરણ સાથે વરસાદી છાંટા વચ્ચે દિવસની શરૂઆત થઈ હતી. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ જે ૯૭ ટકા હતુ તે પણ સાંજ સુધીમાં વધીને સો ટકા સુધી પહોંચી ગયુ હતુ અને બપોરે થોડો ઉઘાડ દેખાડ્યાં બાદ ફરી સાંજના સુમારે વરસાદી ઝાપટુ ત્રાટક્યુ હતુ. શનિવારથી પ્રારંભ થયેલા આ વરસાદી માહોલમાં ૨૪ કલાકમાં ૪૭ મી.મી. જેટલો વરસાદ પડ્યો હતો અને તે સાથે મોસમનો કુલ વરસાદનો આંકડો ૩૪૪ મીમી સુધી પહોંચ્યો હતો. જો કે વરસાદી માહોલમાં પણ શહેરના વાતાવરણમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી જેટલું નોંધાયુ હતુ અને લઘુત્તમ તાપમાન પણ ૨૪.૫ ડિગ્રી સુધી રહેવા પામ્યું હતું. રવિવારની રજા અને વરસાદી મોસમના કારણે શહેરના માર્ગો પર ટ્રાફિકની ચહલપહલ નહિવત જોવા મળી હતી.




## બેસણું (મોઢ ચતુર્વેદીય ચુંવાળ બાવીશી)



અમારા પૂજ્ય પિતાશ્રી **ત્રિવેદી ભોગીલાલ અંબાલાલ** (સાંથલ) (ભૂતપૂર્વ આચાર્ય, પ્રાથમિક શાળા, મુ.પો. નાંદોત્રા, તા. વડગામ) તા. ૧૫/૯/૨૦૧૮ને શનિવારના રોજ સ્વર્ગલોક થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૫/૯/૨૦૧૮ને મંગળવારે ગાંધીનગર ખાતે સવારે ૧૦.૦૦ થી ૦૧.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ભવન, વિદ્યા લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર.**

**જ્ઞાતિના રીવાજ મુજબનું દશમું અને બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.**

લી.

**ગં.સ્વ. કપિલાબેન ભોગીલાલ ત્રિવેદી**
(રીટાયર્ડ પ્રા. શિક્ષીકા, મુ.પો. નાંદોત્રા)

**ત્રિવેદી અશોકકુમાર ભોગીલાલ (પુત્ર)** આચાર્ય, ઓ.તા. સંસ્થા, ગાંધીનગર
**ત્રિવેદી દીલીપકુમાર ભોગીલાલ (પુત્ર)** ડેપ્યુટી રજીસ્ટ્રાર, સહકારી મંડળી (ઓડીટ), ગાંધીનગર
**અ.સૌ. અંજનાબેન અશોકકુમાર (પુત્રવધુ)**
**અ.સૌ. પદ્માબેન દીલીપકુમાર (પુત્રવધુ)**
**ત્રિવેદી ગૌરવ અશોકકુમાર (પૌત્ર)** સીસ્ટમ મેનેજર (કોમ્પ્યુટર), ન્યુજર્સી (U.S.A.)
**સુ.શ્રી પ્રજ્ઞાબેન નયનકુમાર ભટ્ટ (પુત્રી)** મદદનીશ શિક્ષીકા, ગાયત્રી વિદ્યાલય, નરોડા
**ત્રિવેદી મોનીકા ગૌરવકુમાર (પૌત્રવધુ)** ફાઈનાન્સ આસીસ્ટન્ટ, ન્યુજર્સી (U.S.A.)
**ત્રિવેદી હર્ષલ દીલીપકુમાર (પૌત્ર)** (ઓસ્ટ્રેલીયા)
**જોષી નિગમકુમાર કિર્તીભાઈ (જમાઈ)** પ્લાન્ટ મેનેજર, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. (જામનગર)
**ત્રિવેદી હીના દીલીપકુમાર (પૌત્રી)** ઈન્ટરનેશનલ એથ્લેટ
**જોષી દીપ્તીબેન નિગમકુમાર (પૌત્રી)** MBA (જામનગર)
**ભટ્ટ ફાલ્ગુન અચનકુમાર (ભાણેજ)** સીસ્ટમ મેનેજર (કોમ્પ્યુટર), કેનેડા
**શાહ ઋષભકુમાર ગીરીશભાઈ (જમાઈ)** સીસ્ટમ મેનેજર (કોમ્પ્યુટર) વર્જીનીયા (U.S.A.)
**ભટ્ટ સુચીબેન ફાલ્ગુન (ભાણેજવહુ)** (સીવીલ એન્જિનિયર)
**શાહ શ્વેતાબેન ઋષભકુમાર (પૌત્રી)** સીસ્ટમ એનાલીસ્ટ (કોમ્પ્યુટર) વર્જીનીયા (U.S.A.)
**ત્રિવેદી જયદીપ દિલીપભાઈ (ભાણેજ જમાઈ)** (U.S.A.)
**દિયા, યાશી, રીશાન, ક્રિશીવ, રેયા (બાળગોપાળ)**
**ત્રિવેદી ખુશ્બૂ જયદીપ (ભાણેજ) - (U.S.A.)**

**તથા સમસ્ત ત્રિવેદી પરિવાર (સાંથલવાળા)**
**મો. નં. ૯૮૭૯૮૮૩૧૧૪, ૭૬૦૦૧૦૫૯૪૧**


## સેક્ટર-૨માં વધુ એક સ્વાઈન ફલુનો કેસ મળ્યો : હવે, જિલ્લામાં કુલ ૧૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સેક્ટર-૨માંથી વધુ એક સ્વાઈન ફલુનો કેસ મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૧૬ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાંથી એક જ સપ્તાહમાં આ બીજો કેસ મળી આવેલ છે. સેક્ટર-૨માં રહેતી એક મહિલાનો સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાનુ આજે પરીક્ષણ કરતાં જણાયુ હતુ. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

છપ્પન વર્ષીય આ મહિલા દર્દીની તબીયત સ્થીર હોવાનું આરોગ્યતંત્રના સુત્રોએ જણાવ્યું છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુનો આ બીજો કેસ મળતાં આરોગ્યતંત્રએ સઘન સર્વેલન્સના આદેશો આપ્યા છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં ત્રણ દર્દીઓના મોત થયેલ છે જે નોંધનીય છે. આરોગ્યતંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આદેશો પછી જિલ્લામાં આ રોગના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

## મ્યુ. કોર્પોરેશનની સ્પર્ધાત્મક પરીક્ષાનો અંતિમ દોર યોજાયો

### ઝોનલ ઓફિસર, મેડીકલ ઓફિસર અને એકાઉન્ટન્ટની પોસ્ટ માટે ૩૫૦૦ ઉમેદવારોએ પરીક્ષા આપી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ભરતી માટેની પ્રક્રિયાનો આજે અંતિમ દોર સ્પર્ધાત્મક પરીક્ષાનો હતો. ઝોનલ ઓફિસર, એકાઉન્ટન્ટ તેમજ મેડીકલ ઓફિસરની ભરતી માટે આજે યોજાયેલ પરીક્ષામાં ૩૫૦૦ જેટલા પરીક્ષાર્થીઓ નોંધાયા હતા.

મનપાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૬૦ ટકા જેટલા જ પરીક્ષાર્થીઓ આજની પરીક્ષામાં હાજર રહ્યા હતા.

આજનું પેપર પણ અન્ય પરીક્ષાઓની જેમ સરળ નિકળ્યુ હતુ જેને લઈ મેરીટ ઉંચુ જશે તેમ મનાઈ રહ્યું છે. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા જુદા જુદા સંવર્ગની ૧૨૦થી પણ વધુ કર્મચારીઓની ભરતી માટે પાંચ તબક્કામાં પરીક્ષાઓનું આયોજન કરાયું હતું. આ પરીક્ષાઓનું પરીણામ દિવાળી સુધીમાં આવી જશે તેવી શક્યતાઓ રહેલી છે.

## શહેરમાં રોજનો ખાણીપીણીનો એક કરોડનો દમદાર કારોબાર

### ગાંધીનગરાઓ દરરોજ એક કરોડનો ખર્ચ ખાણીપીણી પાછળ કરે છે : હોટલ-રેસ્ટોરન્ટ-મીઠાઈ-નમકીન પાછળ ૬૦ લાખ અને દૂધ અને દૂધની બનાવટો પાછળ ૪૦ લાખનો ખર્ચ થાય છે

ગાંધીનગર, તા. ૨૩

જાણીને આશ્ચર્ય થશે. ગાંધીનગરાઓ દરરોજ એક કરોડનો ખર્ચ માત્ર ખાણીપીણી પાછળ કરે છે. જેમાં હોટલ-રેસ્ટોરન્ટ પાછળ અધધ ૪૫ લાખ જેટલો ખર્ચ કરવામાં આવે છે. શહેરની ૧૭૨ જેટલી હોટલ અને રેસ્ટોરન્ટ વહેલી સવારથી મોડી રાત સુધી ધમધમે છે.

ગાંધીનગરાઓ ખાણીપીણી પાછળ ખર્ચ કરવામાં જરાય પાછા પડતા નથી. છેલ્લા ચાર-પાંચ વર્ષમાં ખાનગી કંપનીઓના આગમનથી હોટલ-રેસ્ટોરન્ટના બિઝનેસમાં ધીકતી તેજી આવી ગઈ છે.

પીઝા, પાસ્તાથી શરૂ કરીને પંજાબી, કાઠીયાવાડી, ગુજરાતી થાળી અને ફાસ્ટફુડ સહિતની અનેક ખાણીપીણીની ચીજવસ્તુઓ ગાંધીનગરમાં ઉપલબ્ધ છે. ગમે તે નામ બોલો તે વાનગી ગાંધીનગરમાં ઉપલબ્ધ બની છે. સુરતી ખમણથી લઈને વડોદરાનું સેવઉસળ અને સૌરાષ્ટ્રના વણેલા ગાંઠીયાને પેટમાં પધારવવા ગાંધીનગરાઓ હંમેશા તૈયાર રહે છે. જોકે હજુ કેટલાક એવી ફરિયાદ કરે છે કે સુરત-સૌરાષ્ટ્રનો અસલ ટેસ્ટ માણવા નથી મળતો તેમ છતાં અહીં ખાણીપીણીનો વ્યવસાય ધમધોકાર ચાલે છે. ઈન્ફોસીટી અને રીલાયન્સ ચોકડીનો આખો વિસ્તાર જ જાણે ફૂડહબમાં ફેરવાઈ ગયો છે. નાની નાની રેસ્ટોરન્ટ, ઢાબા, હોટલથી માંડીને જાણીતી ફૂડ ફ્રેન્ચાઈઝી જેવી કે ડોમીનોઝ, પીઝાહટ, સંકલ્પ, રીયલ પેપરીકા, અંકલ સેમ્સ પીઝા જેવી ફૂડ ચેઈન રેસ્ટોરન્ટમાં પણ એટલો જ ધસારો રહે છે. ઓનલાઈન ફુડ ડીલીવરીની વધતી સુવિધા સાથે ખાણીપીણીનું બજાર દિવસે દિવસે વધતુ જ જાય છે.

ખાણીપીણીના આંકડાઓ તપાસીએ તો ગાંધીનગર શહેર અને શહેરની આસપાસ લગભગ ૧૭૨ જેટલી હોટલ રેસ્ટોરન્ટ આવેલી છે. આ હોટલ રેસ્ટોરન્ટનો રોજનો વકરો લગભગ ૪૫ લાખ જેટલો થાય છે. વીક એન્ડમાં અને તહેવારોની સિઝનમાં આ આંકડો વધી જાય છે. ૧૫ લાખ જેટલો વકરો મિઠાઈ અને ફરસાણની દુકાનોને થાય છે. એટલે કે એક દિવસમાં ૬૦ લાખનો ખર્ચ માત્ર ખાણીપીણી પાછળ થાય છે. દૂધ અને દૂધની બનાવટો પાછળ ખર્ચ કરવામાં ગાંધીનગરાઓ જરાય પાછળ નથી. ૪૦ લાખ જેટલુ દૂધ દૈનિક ધોરણે વિવિધ દૂધ કેન્દ્રો પરથી વિતરીત કરવામાં આવે છે. છૂટક વેચાતુ દૂધ આમાં સામેલ નથી. દર વીકએન્ડમાં હવે હોટલ-રેસ્ટોરન્ટમાં જમવા જવાનુ ચલણ વધતું ચાલ્યું છે. આ ઉપરાંત અન્ય પ્રાંતમાંથી નોકરી ધંધાર્થે ગાંધીનગરમાં આવીને વસેલા યુવાનો ગાંધીનગરની ફૂડ ઈન્ડસ્ટ્રીને જબરજસ્ત બુસ્ટઅપ કરી રહ્યાં છે. દર માસે ગાંધીનગરમાં ચાર નવી રેસ્ટોરન્ટ-હોટલ શરૂ થાય છે. જ્યારે એક બંધ થાય છે. ફૂડ પાર્કનો નવો ટ્રેન્ડ ખાણી-પીણીના બજારને નવુ સ્વરૂપ આપી રહ્યા છે.

### શહેરમાં રોજનુ ૨૪ લાખની દવાઓનું વેચાણ થાય છે

ગાંધીનગરાઓ જેમ ખાણીપીણીની બાબતમાં પાછળ નથી તેમ દવાઓ ફાંકવામાં પણ જરાય પાછળ નથી. દિવસ દરમ્યાન ૨૪ લાખની દવાઓ ગાંધીનગરમાં વેચાય છે.

ખાણીપીણી પાછળ જેમ અધધ ખર્ચ થાય છે તેમ દવાઓ પાછળ પણ ખૂબ ખર્ચ થાય છે. શહેરમાં લગભગ ૪૨ જેટલા મેડીકલ સ્ટોર છે. દર કલાકે આ મેડીકલ સ્ટોર્સ પરથી એક લાખની દવાઓ વેચાય છે. એટલે કે દિવસ દરમ્યાન ૨૪ લાખની દવાઓ ગાંધીનગરાઓ ખાઈ જાય છે. સરકારી હોસ્પિટલોમાં આટલી જ દવા વિનામૂલ્યે અપાય છે. સીઝનલ બીમારીના સમયે આ ખર્ચ વધી જાય છે.

### વિદ્યાર્થીઓમાં ગુજરાતી થાળી હોટ ફેવરીટ

ખાનગી કંપનીઓના આગમને ઈન્ફોસીટી વિસ્તારને ધમધમતો બનાવ્યો છે તો ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોએ ગુજરાતી-કાઠીયાવાડી થાળીને હોટ ફેવરીટ બનાવી છે. ૭૦ થી ૧૦૦ રૂ.ની રેન્જમાં મળતી થાળી બહારગામથી ખાસ અભ્યાસના હેતુથી આવેલા વિદ્યાર્થીઓની ક્ષુધાને સંતોષી રહી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એકાદ-બે વર્ષમાં જ ગુજરાતી થાળી પીરસતી ચાર-પાંચ નવી હોટલો રેસ્ટોરન્ટ શરૂ થઈ છે. સ્પર્ધાત્મક પરીક્ષાનું હબ બનેલા શહેરમાં હજારો વિદ્યાર્થીઓ વિવિધ સરકારી નોકરીઓની ભરતીની તૈયારીઓ કરી રહ્યા છે. બહારગામથી ગાંધીનગરમાં ટૂંકા સમયગાળા માટે રોકાયેલા આ વિદ્યાર્થીઓને માત્ર ૭૦ થી ૧૦૦ રૂ.માં આ રેસ્ટોરન્ટ અનલીમીટેડ ભાણુ આપે છે. આવી એક એક રેસ્ટોરન્ટમાં એક સમયે હજારથી બારસો જેટલી થાળી પીરસવામાં આવે છે.






માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ભારત સરકાર
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્યના
સંયુક્ત સહયોગથી

રૂ. ૮૬૭ કરોડના ખર્ચે નિર્મિત થનાર ૪૪ કિ.મી. લાંબા આ રસ્તા પર આવતી ગુજરાત હાઈકોર્ટ, સોલા સિવિલ હોસ્પિટલ, અન્ય હોસ્પિટલો, ભાગવત વિદ્યાપીઠ, ઉમિયાધામ, તિરૂપતિ બાલાજી મંદિર, નિરમા ઈન્સ્ટીટ્યુટ, હિરામણી સ્કૂલ, એસ.જી.વી.પી., મારૂતિ મંદિર, વૈષ્ણોદેવી મંદિર, ત્રિમંદિર, શનિદેવ મંદિર, જગન્નાથજી મંદિર, મહાત્મા મંદિર, વિધાનસભા, સચિવાલય, ઈન્દ્રોડા પાર્ક અને અક્ષરધામ વગેરે જેવી વિવિધ શૈક્ષણિક, તબીબી તેમજ ધાર્મિક સંસ્થાઓ જેનાથી જોડાય છે, અને સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાત માટે ખૂબ ઉપયોગી તેવા અમદાવાદ શહેરને ગાંધીનગરથી જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૪૭નું ફલાયઓવર્સ સહિત છ માર્ગીકરણ તથા એલિવેટેડ કોરિડોરનાં કામોનો

# ખાતમુહૂર્ત સમારોહ

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રી,
ગુજરાત રાજ્યના વરદ હસ્તે

**શ્રી નીતિનભાઈ પટેલ**
માનનીય નાયબ મુખ્યમંત્રી,
ગુજરાત રાજ્યના અધ્યક્ષસ્થાને

**શ્રી મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય રાજ્યમંત્રી,
માર્ગ પરિવહન અને રાજમાર્ગ, પોત પરિવહન,
રસાયણ અને ખાતર મંત્રાલયના મુખ્ય મહેમાનપદે

અતિથિવિશેષ

**શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**
માનનીય મંત્રી, શિક્ષણ

**શ્રી કૌશિકભાઈ પટેલ**
માનનીય મંત્રી, મહેસૂલ

**શ્રી પ્રદિપસિંહ જાડેજા**
માનનીય મંત્રી (રા.ક.), ગૃહ, કાયદો



આપ સૌને સાદર આમંત્રણ

તા. ૨૪-૦૯-૨૦૧૮, સોમવાર, સવારે ૯.૩૦ વાગે

સ્થળ : સોલા સિવિલ હોસ્પિટલ કેમ્પસ, એસ.જી. હાઈવે, અમદાવાદ

સૌજન્ય : Agencies


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com